# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-03-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, પીએમ સ્વનિધિ યોજના ફેરિયાઓ માટે જીવાદોરી સમાન બની છે.- દિલ્હીમાં યોજાયેલા કાર્યક્રમમાં એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરાયું.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદ શહેર અને ગાંધીનગર લોકસભા મતવિસ્તારના વર્ચ્યુઅલી અંદાજીત ત્રણ હજાર 12 કરોડ રૂપિયાના વિવિધ 63 વિકાસકામોના લોકાપણ અને ખાતમુર્હુત કર્યા.
- ✓ ગુજરાતમાં ગાંધીનગર ખાતેની ગીફ્ટસીટીમાં કેન્દ્ર સરકાર અને એશિયાઇ વિકાસ બેંકના અધિકારીઓએ બે કરોડ 30 લાખ ડોલરની ધિરાણ સહાય સમજૂતી ઉપર આજે હસ્તાક્ષર કર્યા છે.
- ✓ ઝારખંડના બે ઉમેદવારો રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે
- ✓ જમ્મુ કાશ્મીર પોલીસના વડા આર.આર.સ્વૈને જણાવ્યું છે કે, કાશ્મીરમાં ખાસ કરીને સરહદી વિસ્તારોમાં નશીલા પદાર્થોનો વેપાર નાબૂદ કરવો એ સલામતી દળો સામે મુખ્ય પડકાર રહ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ***PM-SVANIDHI***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, પીએમ સ્વનિધિ યોજના ફેરિયાઓ માટે જીવાદોરી સમાન બની છે. આજે દિલ્હીમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળ એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરવાના કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા.

આ પ્રસંગે દિલ્હીના પાંચ હજાર સહિત એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે, કોવિડના કપરા સમયમાં લોકોને ફેરિયાઓની શક્તિ અને તેમનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી મોદીએ સમાજમાં મહત્વનું યોગદાન આપનાર ફેરિયાઓ અને માર્ગ પરના દુકાનદારોને અભિનંદન આપ્યા હતા. શ્રી મોદીએ અગાઉની સરકારોએ ફેરિયાઓના મુદ્દાઓ અને સમસ્યાઓ ઉપર ધ્યાન નહીં આપવાનો આક્ષેપ કરીને પોતાની સરકારે ફેરિયાઓના ઉત્કર્ષ માટે લીધેલા પગલાંની વિગતો આપી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ દિલ્હી મેટ્રોના ચોથા તબક્કાના બે વધારાના માર્ગોની યોજનાનો શિલાન્યાસ કર્યો.

## ***PM-KERALA***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેરળના પથનમથીટ્ટા જિલ્લાની મુલાકાત લઇને એનડીએના ઉમેદવાર અનિલ એન્ટનીના ચૂંટણીપ્રચારમાં ઉપસ્થિત રહેશે. તેઓ આ જિલ્લામાં આવેલા સ્ટેડિયમ ખાતે યોજાનાર જાહેર સભામાં પણ ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રીની મુલાકાતને ધ્યાનમાં લઇને સલામતિની વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

### ***AMIT SHAH- A'VAD VIKAS KAM***

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદ શહેર અને ગાંધીનગર લોકસભા મતવિસ્તારના વર્ચ્યુઅલી અંદાજીત ત્રણ હજાર 12 કરોડ રૂપિયાના વિવિધ 63 વિકાસકામોના લોકાપણ અને ખાતમુર્હુત કર્યા.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે 226 કરોડના હાઉસિંગ પ્રોજેક્ટ, 96 કરોડના સાબરમતી રિવરફ્રન્ટના પ્રોજેક્ટ, 32 કરોડના બ્રીજ પ્રોજેક્ટ, 14 કરોડના બિલ્ડીંગ પ્રોજેક્ટ મળીને 368 કરોડ રૂપિયાના 20 વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું. જ્યારે 2 હજાર 644 કરોડ રૂપિયાના વિવિધ 43 વિકાસકાર્યોનું ખાતમુર્હુત કર્યું..

ગાંધીનગરથી આ કાર્યક્રમમાં જોડાયેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના લક્ષ્ય સાથે દેશમાં વિકાસકાર્યોની અવિરત ધારા વહાવી છે.

## ***GOVT.-ADB-AGREEMENT***

ગુજરાતમાં ગાંધીનગર ખાતેની ગીફ્ટસીટીમાં કેન્દ્ર સરકાર અને એશિયાઇ વિકાસ બેંકના અધિકારીઓએ બે કરોડ 30 લાખ ડોલરની ધિરાણ સહાય સમજૂતી ઉપર આજે હસ્તાક્ષર કર્યા છે. નાણાંમંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી જુહી મુખરજી અને એડીબીના ભારત ખાતેના અધિકારી રાજેશ વાસુદેવને આ સમજૂતી ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે સુશ્રી જુહી મુખરજીએ જણાવ્યું હતું કે, દેશમાં નાણાંસંસ્થાઓની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે આ સમજૂતી અગત્યની છે. આ હેતુથી કૌશલ્ય વિકાસ કાર્યક્રમો, ખાનગી ક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવા તેમજ ઉદ્યોગ અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓ વચ્ચેનો સહકાર વધારવાની બાબતને કેન્દ્રમાં રખાશે.

કેન્દ્રિય નાણાંમંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, એશિયાઇ વિકાસ બેંકની ધિરાણ સહાયથી નાણાંક્ષેત્રના શિક્ષણ, સ્ટાર્ટઅપની સફળતાનો દર વધારવા અને આ ક્ષેત્રના સંશોધન અને નવકલ્પનાને પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થા - આઇ.એફ.આઇ સ્થપાશે. આના લીધે કર્મચારીઓની સ્પર્ધાત્મકતા અને રોજગારની તકો વધારવામાં મદદ મળશે.

## *CENTER- NATIONAL FLAG*

કેન્દ્ર સરકારે રાષ્ટ્રધ્વજને સન્માન સાથે ફરકાવા કેટલાંક દિશા નિર્દેશ જાહેર કર્યા છે. **જાહેર કાર્યક્રમોમાં જનતા દ્વારા ફરકાવવામાં આવતા 'રાષ્ટ્રધ્વજ'નું માન-સન્માન જળવાય તે માટે ભારતીય ધ્વજ સંહિતામાં દર્શાવેલ નિયોમોનું પાલન કરવા ગૃહ મંત્રાલયે નાગરીકોને અનુરોધ કર્યો છે.**

ગૃહ મંત્રાલયની યાદીમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને ખેલકૂદના કાર્યક્રમોમાં નાગરિકો દ્વારા કાગળના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આવા કાર્યક્રમ પૂર્ણ થયા પછી તેનો દુરુપયોગ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. રાષ્ટ્રધ્વજ ફરકાવવાના નિયમો 'ફ્લેગ કોડ ઑફ ઈન્ડિયા, ૨૦૦૨'ની કેટલીક મુખ્ય વિશેષતાઓ રજૂ કરવામાં આવી છે..

ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલા ધ્વજને પ્રદર્શિત કરવો નહીં. ધ્વજ એક જ માસ્ટહેડ પરથી અન્ય કોઈ ધ્વજ અથવા ધજાઓ સાથે ફરકાવવો નહીં. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તથા રાજ્યના રાજ્યપાલ સિવાય કોઈપણ વાહન પર ધ્વજ લહેરાવવી શકાશે નહી.

## *JHARKHAND-RAJYA SABHA*

ઝારખંડના બે ઉમેદવારો રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે જેમાં ભાજપમાંથી ડો. પ્રદીપ વર્મા અને ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને આરજેડીના મહાગઠબંધનમાંથી ડો. સરફરાઝ અહેમદ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ઝારખંડ વિધાનસભાના સચિવ સૈયદ જાવેદ હૈદરે આજે બપોરે ઉમેદવારોના પરિણામોની ઔપચારિક જાહેરાત કરી હતી. આ પહેલા 11મી માર્ચે ડો. પ્રદીપ વર્મા અને ડો. સરફરાઝ અહેમદે ઉપલા ગૃહ માટે ઉમેદવારી નોંધાવી હતી. આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ હતી. રાજ્યસભાની ચૂંટણી માટે ઝારખંડમાંથી બે ઉમેદવારો હોવાથી બંને બિનહરીફ ચૂંટાયા હતા.

## *J&K-DGP*

જમ્મુ કાશ્મીર પોલીસના વડા આર.આર.સ્વૈને જણાવ્યું છે કે, કાશ્મીરમાં ખાસ કરીને સરહદી વિસ્તારોમાં નશીલા પદાર્થોનો વેપાર નાબૂદ કરવો એ સલામતી દળો સામે મુખ્ય પડકાર રહ્યો છે. જમ્મુમાં નશીલા પદાર્થોના વ્યસનીઓને વ્યસનમુક્ત બનાવવા અને તેમના પુનર્વસન માટેના કેન્દ્રનું ઉદઘાટન કરતાં શ્રી સ્વૈને આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કાશ્મીર પોલીસ અને ખાનગી ક્ષેત્રના સહકારમાં કેન્દ્રશાસિત પ્રદેશ કાશ્મીરમાં 10થી વધુ વ્યસનમુક્ત અને તેમના પુનર્વસન કેન્દ્રો હાલમાં કાર્યરત છે. કાશ્મીરમાં સલામતિ દળો આતંકવાદીઓને આશરો આપનાર અને તેમને મદદ કરનાર વ્યક્તિઓ સામે જેવી રીતે કડક કામગીરી કરે છે. એ જ અભિગમ નશીલા પદાર્થોના વેપારમાં સંડોવાયેલાઓ સામે અપનાવવામાં આવ્યો છે.

પોલીસવડાએ વધુમાં કહ્યું કે, પાડોશી દેશ દ્વારા કાશ્મીર સહિત ભારતમાં કેટલાંક વિસ્તારોમાં હેરોઇન અને બ્રાઉનસુગર જેવા નશીલા પદાર્થો મોકલવામાં આવે છે. પણ આ દૂષણને અસરકારક કામગીરી વડે નાબૂદ કરાશે.

## *JITENDRA---SCIENCE---TECHNOLOGY*

ભારતીય વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન અને આદિત્ય એલ-1 યાન સહિત અવકાશ ક્ષેત્રે મેળવેલી અસાધારણ સફળતાના પગલે ભારતનું વૈશ્વિક સ્તરે ગૌરવ વધ્યું છે. કેન્દ્રિય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીએ આત્મનિર્ભર ભારત માટે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે છેલ્લા 10 વર્ષમાં થયેલી કામગીરીના અહેવાલનું દિલ્હીમાં વિમોચન કરતાં આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે જાહેરક્ષેત્ર ખાસ કરીને રસીઓ વિકસાવવામાં ભારતીય વૈજ્ઞાનિકોએ મેળવેલી સિદ્ધિઓને બિરદાવી હતી. શ્રી સિંહે કહ્યું કે, કેન્દ્ર સરકારની અનૂકૂળ નિતીઓના કારણે દેશમાં સ્ટાર્ટઅપ અને યુનિકોર્નનો ઝડપથી વિકાસ થઇ રહ્યો છે.

આ અહેવાલમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે દેશે મેળવેલી સિદ્ધિઓ ઉપરાંત પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્ર અને સૌર ઉર્જા ક્ષેત્રે ભારતે કરેલી નક્કર કામગીરીની વિગતો આપવામાં આવી છે.

## *RANJI-TROPHY*

મુંબઇએ રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની ફાઇનલમાં વિદર્ભને 169 રનથી પરાજય આપીને રણજી ટ્રોફી 42મી વખત મેળવી છે. મુંબઇએ વિદર્ભને વિજય માટે 538 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જો કે, અક્ષય વાડકરના 102, કરણ નાયરના 74 અને હર્ષ દુબેના 65 સિવાય અન્ય બેટ્સમેનો ઝડપથી આઉટ થતા વિદર્ભ 368 રન નોંધાવી શક્યું હતું અને મુંબઇનો વિજય થયો હતો. મુંબઇ વતી તનુશ કોટિયાને 95 રનમાં ચાર વિકેટ તેમજ તુષાર દેશપાંડે અને મુશીર ખાને દરેકે બે-બે વિકેટો ઝડપી હતી. 136 રન અને બે વિકેટ મેળવનાર મુશીર ખાનને પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર અપાયો છે. જયારે તનુષ કોટિયાનને પ્લેયર ઓફ ધ સીરીઝ પુરસ્કાર અપાયો છે.

## *EVE-BHUTAM-PM---INDIA*

ભૂતાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરીંગ તોબગે ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે આજે દિલ્હી આવ્યા છે. કેન્દ્રિયમંત્રી અશ્વીની કુમારે દિલ્હી વિમાન મથકે તેમનું સ્વાગત કર્યું હતું. વિદેશમંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, ભૂતાનના પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ દ્રૌપદિ મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. શ્રી તોબગે સાથે ભૂતાનના વેપાર, ઉદ્યોગ અને રોજગાર મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ભારત આવ્યા છે.